# આજે જિલ્લાના તમામ બજારો બંધ રહે તેવી શક્યતા

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બંધને સફળ બનાવવા કોંગ્રેસના કાર્યકરો સજ્જ : મોદી સરકારના વિરોધમાં કોંગ્રેસે બંધનું એલાન આપ્યું છે

હિંમતનગર, તા. ૫

ગુજરાતમાં છેલ્લા દસ વર્ષમાં રાજકીય હત્યાઓ અને ભ્રષ્ટાચારે માજા મુકી છે. સરકારના આઈ.પી.એસ. અધિકારી ડી.જી. વણઝારાએ સરકારની પોલ ખોલી નાખી છે ત્યારે આ સરકારને એક પણ દિવસ સત્તામાં રેહવાનો અધિકાર નથી તેવી માંગણી સાથે પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે શુક્રવારે ગુજરાત બંધનું એલાન આપવામાં આવ્યુ હતું. જે બંધને સફળ બનાવવા માટે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના કોંગ્રેસ કાર્યકરોની એક બેઠક હિંમતનગર ખાતે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર), મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ), રાજુભાઈ ઠાકોર (મોડાસા), ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)ની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં સમગ્ર જિલ્લામાં બંધને સફળ બનાવવા માટે વ્યુહરચના ઘડવામાં આવી હતી.

હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા અને પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ જણાવ્યુંહતુંકેછેલ્લા ૪ દિવસમાંબહાર આવેલી ઘટનાઓએ સમગ્ર દેશને હચમચાવી મુક્યોછે. ભાજપ સરકારની ગુનાહિત માનસિકતા અને કાવતરાનો ચહેરો ખુલ્લો પડી ગયો છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ભગવાન માનનાર આઈ.પી.એસ. અધિકારી ડી.જી. વણઝારાએ ૧૦ પાનાના રાજીનામા પત્રમાં આપેલી વિગતોએ સમગ્ર દેશની આંખ ખોલવાની સાથે ગુજરાતની પ્રજાને ધ્રુજાવી આપી જાય તેવી ઘટનાઓનું નિરૂપણ કર્યુ છે. ત્યારે મોદીએ સત્તા ઉપર રહેવાનો કોઈ અધિકાર નથી.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની સાત વિધાનસભા બેઠકોપૈકી ૬ બેઠકો કોંગ્રેસ પાસે છે. ત્યારે જિલ્લામાં બંધને સારી સફળતા મળશે તેવો આશાવાદ કોંગ્રેસના મીડીયા પ્રવક્તા ફારૂક ખણસીયાએ વ્યક્ત કર્યો હતો. અત્રે એ પણ યાદ આપવું જરૂરી છે કે નરેન્દ્ર મોદી સામે બગાવત કરનાર આઈ.પી.એસ. અધિકારી ડી.જી. વણઝારા પણ સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર પાસેના ઈલોલ ગામના વતની છે.

### સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વિવિધ એસોસીએશન બંધના એલાનથી અળગા રહેશે

રાજ્ય સરકાર વિરૂદ્ધ ભ્રષ્ટાચાર અને અન્ય કથિત આરોપને લઈ કોંગ્રેસ દ્વારા રાજ્ય આજે તારીખ ૬-૯-૨૦૧૩ શુક્રવારના રોજ સમગ્ર રાજ્ય વ્યાપી બંધનું એલાન આપવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પણ બંધનું એલાન આપવામાં આવેલ છે.

પરંતુ જિલ્લાની જનતાને જીવન જરૂરીયાતની આવશ્યક ચીજવસ્તુઓ મળી રહે અને વાહન વ્યવહારની સુવિધા મળી રહે તેમજ શાંતિમય વાતાવરણ જળવાઈ રહે તે માટે જિલ્લાના વિવિધ એસોસિએશન આ રાજ્ય વ્યાપી બંધના એલાનથી દૂર રહી રાબેતા મુજબ તેમના કામ-ધંધા અને રોજગાર ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. તદ્ ઉપરાંત સાબરકાંઠા જિલ્લામાં આ બંધના એલાનમાં સાબરકાંઠા જિલ્લા વ્યાજબી ભાવની દુકાન એસોસીએશન, જિલ્લા પેટ્રોલ પંપ એસોસીએશન, જિલ્લા વ્યાપારી મંડળ એસોસીએશન, જિલ્લા ટ્રાન્સપોર્ટ એસોસીએશન, શાળા-મહાશાળા સંઘ, ઔદ્યોગિક એકમ એસોસીએશન સહિતના જિલ્લાના તમામ એસોસીએશન આ બંધના એલાનથી દૂર રહેશે એમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## દામાવાસ ગૃપ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ સામે ભ્રષ્ટાચારનો આરોપ

દામાવાસ ગૃપ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચે શિલવાડા ગામના અન્ય એક શખ્સ પાસેથી રૂ. ૫૦૦૦ લઈ ગેરકાયદેસર રીતે શિંગોડાનું વાવેતર કરવા માટે તળાવ આપી દઈ ભ્રષ્ટાચાર કર્યો હોવાની ગંધ આવતા તલાટી કમ મંત્રીએ ડેપ્યુટી સરપંચ વિરુધ્ધ કાર્યવાહી કરવા જણાવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દામાવાસ ગૃપ ગ્રામ પંચાયતના ડે. સરપંચ નવલીબેન ઠાકોરભાઈ વણઝારાએ વડાલીવાળા ગોવિંદભાઈ ડાહ્યાભાઈ ભોઈને ગામમાં સ્થિત તળાવમાં ગેરકાયદેસર રીતે રૂ. ૫૦૦૦ લઈ શિંગોડા નું વાવેતર કરવા આપી દીધુંહતું જે મામલાની જાણ થોડા સમય બાદ ગામના સરપંચને થતા તેમણે તુરંત જ આ મામલે તાલુકા વિકાસ અધિકારી અને તલાટીને જાણ કરતા તેમણે ડે. સરપંચ વિરધ્ધ થયેલા ભ્રષ્ટાચાર અંગે યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે દામાવાસ ગૃપ ગામ પંચાયત સહિત હાલ આ ભ્રષ્ટાચાર ચર્ચાનો મુદ્દો છે.



પાલનપુરની કુંવરબા કન્યા વિદ્યાલયમાં આજે અનોખો વેશભૂષાનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સરલાબેન, હસમુખ પઢીયાર અને અમૃત જોષી ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ નિહાળ્યો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ઊંઝા ટી.ડી.ઓ.એ તલાટીને ધોકા વડે ફટકાર્યા : તલાટી મંડળે ઘટનાને વખોડી

ઊંઝા, તા.૫

ઊંઝા તાલુકાના રણછોડપુરા ગામે સરદાર આવાસ યોજનાની બાકી કામગીરી સંદર્ભે ગુસ્સે ભરાયેલ ઊંઝા તાલુકા વિકાસ અધિકારીએ તલાટી પર ધોકા વડે હૂમલો કરી શરીરની પીઠના ભાગે ઈજાઓ પહોંચાડતાં તાલુકાના તલાટીવર્ગના કર્મચારીઓમાં તાલુકાના જવાબદાર અધિકારીની આવી જોહૂકમી અને કાયદો હાથમાં લેવાના કૃત્ય સામે નારાજગી પ્રસરી છે.

ઊંઝા તાલુકા વિકાસ અધિકારી જોશીના મારનો ભોગ બનેલ રણછોડપુરાના તલાટી નારાયણજી ઠાકોરે જણાવ્યું છે કે તાલુકાના રણછોડપુરા ગામે સરદાર આવાસ યોજના અંતર્ગત ગરીબ લાભાર્થીઓ માટે સ્વર્ણિમ ટાઉનશીપ બનાવવાની કામગીરી સંદર્ભે ઊંઝા તાલુકા વિકાસ અધિકારી જોશી તપાસ અર્થે રણછોડપુરા ગામે સ્થળ પર આવ્યા હતા. જયાં અધુરી કામગીરીના મુદ્દે તાલુકા વિકાસ અધિકારી એકદમ મારી પર ગુસ્સે ભરાયા હતા અને પોતાના હાથમાં રહેલ ધોકા વડે માર માર્યો હતો જેથી અમોને શરીરના પીઠના ભાગે ઈજાઓ થઈ હતી. વધુમાં ટી.ડી.ઓ.એ જાનથી મારી નાંખવાની પણ ધમકી આપી હતી.

તલાટીએ વધુમાં ઉમેર્યું હતું કે ટી.ડી.ઓ એ મને ધોકા વડે માર માર્યા બાદ ગામના દેવીપૂજક જ્ઞાતિના બે ત્રણ ગરીબ વ્યકિતઓને પણ માર માર્યો હતો.

દરમિયાન ટી.ડી.ઓ. જોશીએ કહ્યું કે અમોએ તલાટીને કોઈ માર માર્યો નથી. સદર તલાટીની ગામમાં અનિયમિત હાજરી બાબતે અગાઉ તાલુકા પંચાયત કચેરી દ્વારા બે વાર નોટીસ આપવામાં આવી હતી. તલાટીની અનિયમિતતા અંગે ગામના સરપંચે પણ ફરિયાદ કરી હતી.

ઉપરોકત ઘટનાને ગુજરાત રાજય તલાટી મહામંડળના જોઈન્ટ સેક્રેટરી સુરેશ મેવાડાએ સખ્ત શબ્દોમાં વખોડી કાઢીને જવાબદાર અધિકારી વિરુધ્ધ કડક પગલાં ભરવા અંગે માંગણી કરી છે.

## ભીલડી નજીક જીપડાલાની ટક્કરે બાઈકચાલક યુવાનનું મોત

ડીસા, તા.૫

ભીલડી ગામ નજીક આવેલા નેસડા ગામનાં રોડ પર પુર ઝડપે અને ગફલત ભર્યા ડ્રાઈવીંગે મોટર્સ સાયકલ પર સવાર એક યુવકને ટકકર મારતા આ યુવક ગંભીર રીતે ઘાયલ થયો હતો જેને ડીસાની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયો હતો જેને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

આ મામલે ભીલડી પોલીસને જાણ કરાતા પોલીસ ડીસા ખાતે દોડી હતી અને મૃતકની લાશનો કબજો સંભાળી તેને પી.એમ. અર્થે ખસેડયો હતો. આ અકસ્માતમાં અકસ્માત કરી જીપ ચાલક ભાગી ગયો હતો. જયારે પોલીસ તપાસમાં મૃતક રાજુભાઈ કાન્તભાઈ પટેલ રહે. ટુંડાવ તાલુકો-ઊંઝા વાળાઓ હોવાનું બહાર આવેલ છે. અને તેઓ છેલ્લા દોઢ વર્ષથી ભીલડી સબ ડીવીઝન ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં વિદ્યુત સહાયક તરીકે કામ કરતા હોવાનું બહાર આવેલ છે.

## ધનસુરામાં શિક્ષક દિને શિક્ષકોએ શિષ્યોને ભોજન પીરસ્યું

ધનસુરા, તા.૫

૫મી સપ્ટેમ્બર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે ધનસુરા તાલુકાની ધનસુરા કેળવણી મંડળ સંચાલિત ૭ જેટલા શૈક્ષણિક સંકુલોના વિદ્યાર્થીઓને પાકુ ભોજન જમાડવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૫૦૦થી વધારે બાળકોએ આનો લાભ લીધો હતો. ગુરુ શિષ્યના આ પવિત્ર દિવસે ધનસુરા કેળવણી મંડળ પ્રમુખ જયંતિભાઈ શાહ મંત્રી જે.સી. શાહ ધીરુભાઈ પટેલે આ પ્રસંગે ઉપસ્થિત રહી ગુરુ શિષ્યોના પ્રેમની પ્રશંસા કરી હતી તેમજ ૭૦થી વધારે શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં.

## બનાસકાંઠા જિલ્લા ભાજપના વિવિધ મોરચા અને મંડલના પ્રભારી નિમાયા

બનાસકાંઠા, તા. ૫

બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ કેશાજી ચૌહાણે ઉત્તર ગુજરાત ઝોન પ્રભારી શંકરભાઈ ચૌધરી અને જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યાના માર્ગદર્શન હેઠળ જિલ્લાના વિવિધ મોરચાઓ અને મંડલોના પ્રભારીઓની વરણી કરવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લા ભાજપના વિવિધ મોરચામાં મહિલા મોરચાના પ્રભારી તરીકે ગજેન્દ્ર સકસેના સહ પ્રભારી તરીકે નૌકાબેન પ્રજાપતિ, બક્ષીપંચ મોરચામાં પ્રભારી તરીકે ગજેન્દ્રભાઈ સકસેના સહ પ્રભારી રામસુંગભાઈ ચૌધરી, અનુ. જાતિ મોરચાના પ્રભારી તરીકે ગજેન્દ્રભાઈ સકસેના સહપ્રભારી તરીકે પ્રહલાદભાઈ પરમાર, કિશાન મોરચાના પ્રભારી તરીકે જયેન્દ્રભાઈ જોષી, લઘુમતી મોરચાના પ્રભારી તરીકે ગુમાનસિંહ ચૌહાણ અને સહપ્રભારી તરીકે અસગરઅલી બાપુ, યુવા મોરચાના પ્રભારી તરીકે હિતેશભાઈ ચૌધરી અને સહપ્રભારી તરીકે કે.ટી. માળી તથા આદિજાતિ મોરચાના પ્રભારી તરીકે હિતેશભાઈ ચૌધરી અને માધુભાઈ રાણા જ્યારે વિવિધ મંડલના પ્રભારી તરીકે અંબાજી મંડલમાં સુમતીભાઈ રાવલ, દાતામાં પીનાકીન ઓઝા, અમીરગઢમાં ડૉ. ગણેશભાઈ પટેલ, વડગામમાં અમૃતભાઈ દેસાઈ, પાલનપુર શહેરમાં કિરણસિંહ ચૌહાણ, પાલનપુર તાલુકામાં જયેન્દ્રભાઈ જોષી, દાંતીવાડામાં માધુભાઈ રાણા, ધાનેરા શહેરમાં કે.ટી. માળી, ધાનેરા તાલુકામાં ગણપતભાઈ રાજગોર, ડીસા શહેરમાં નૌકાબેન પ્રજાપતિ, ડીસા તાલુકામાં વસંતભાઈ પુરોહીત, કાંકરેજ તાલુકામાં મેરૂજી ધુંખ, થરા શહેરમાં દિલીપભાઈ વાઘેલા, થરાદ શહેરમાં હેમરાજભાઈ પટેલ, થરાદ તાલુકામાં ઉમેદદાન ગઢવી, વાવમાં રાજુભાઈ રાવલ અને સુઈ ગામમાં ડાહ્યાભાઈ પીલીયાતટની વરણી કરવામાં આવી હતી. મિડિયા સેલના કન્વીનર રૂપસિંગ ચૌહાણે જણાવ્યું હતું.



## ભીમનાથ મહાદેવ-લક્ષ્મીપુરા અમાવાસ્યા ઉજાણી

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામથી અગ્નિકોણમાં એકાદ કિ.મી.ના અંતરે ભીમાક્ષિ નદીના કાંઠે ભીમનાથ મહાદેવનું અતિ પ્રાચીન મંદિર આવેલું છે. શ્રાવણ માસના પવિત્ર પાવનકારી દિવસોમાં ભકતો દ્વારા હર હર ભોલેનાથ તથા ઓમ નમઃ શિવાયના જપ દ્વારા બિલિપત્રોના અભિષેક દ્વારા મંદિર પરિસર ગૂંજારવ કરતું રહ્યું ત્યારે શ્રાવણી અમાસે બ્રહ્મભોજન દ્વારા તેની પૂર્ણાહુતિ કરવામાં આવી.

‘શંકર સુખ કર શાન્તિ કર, દુઃખ હરન્તે દિન દયાલ, અબ લજિયા મોરી રાખીયે, શિવ નંદિ કે અસ્વાર.’

આમ ગામના ભાવિક ભકતો દ્વારા શિવ આરાધના સમાપ્તિમાં સર્વે સન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયાની ભાવના સહ શિવ ચરણોમાં માફી માગી પવિત્ર શ્રાવણની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

## તલોદ કેળવણી મંડળ અને ગીતાંજલી ટ્રસ્ટ દ્વારા વિજય પદ્મ વક્તૃત્વ સ્પર્ધા યોજાશે

તલોદ, તા. ૫

ધી તલોદ કેળવણી મંડળ સંચાલિત સી.ડી. પટેલ હાઈસ્કૂલ તેમજ ગીતાંજલી ટ્રસ્ટ દ્વારા આયોજીત સ્વ. શાંતુભાઈ ચૂનીભાઈ પટેલ પ્રાંતિજ-તલોદ તાલુકા પ્રાથમિક શાળા આઠમી વિજય પદ્મ વક્તૃત્વ સ્પર્ધા અને સ્વ. અંબુભાઈ દેસાઈભાઈ પટેલ પ્રાંતિજ તલોદ તાલુકા માધ્યમિક શાળા તૃતીય વિજય પદ્મ વક્તૃત્વ સ્પર્ધા તા. ૧૪-૯-૨૦૧૩ના રોજ ડી.પી. પટેલ હાઈસ્કૂલ કમ્પાઉન્ડમાં યોજાશે.

આ સ્પર્ધાનો પ્રાથમિક વિભાગના સ્પર્ધકો માટે વિષય છે ‘કોણ ચડે ? ‘બુદ્ધી કે ધન’ જ્યારે માધ્યમિક વિભાગ માટે ‘ભ્રષ્ટાચાર અટકાવવો કોના હાથમાં ?’ સરકાર કે જનતા આ પ્રસંગે તલોદ/પ્રાંતિજ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તલોદનગર પાલિકાના પ્રમુખ પ્રવિણભાઈ પટેલ તથા માજી પાલિકા પ્રમુખ દક્ષાબેન પટેલે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરાવશે. વક્તૃત્વ સ્પર્ધા મહોત્સવમાં રોનકભાઈ પટેલ, પ્રમુખ ધી તલોદ કેળવણી મંડળના પ્રમુખ સ્થાને યોજાશે. આ બન્ને વક્તૃત્વ સ્પર્ધામાં તલોદ આર્ટસ કોલેજના આચાર્ય ડૉ. જે.સી. પટેલ તથા સાયંસ કોલેજના આચાર્ય ડૉ. સમીર પરીખ નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહેશે.

આ સ્પર્ધાના પરિણામ બાદ આગેવાનોના હસ્તે ઈનામ અને મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવશે તેમ આયોજકોએ જણાવ્યું હતું.


A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.




F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601


## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| પાટણ | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૪૮૬ |
| વરીયાળી | ૭૫૦ | ૧૧૮૫ |
| બંટી | ૩૦૦ | ૩૪૫ |
| રાયડો | ૫૫૮ | ૬૩૪ |
| એરંડા | ૬૮૦ | ૭૨૭ |
| ઘઉં | ૨૯૫ | ૩૫૬ |
| જુવાર | ૩૦૦ | ૫૦૦ |
| બાજરી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| સવા | ૬૬૦ | ૭૧૧ |

| તલોદ | | |
|---|---|---|
| મગ | ૭૦૦ | ૧૦૮૨ |
| એરંડા | ૭૧૩ | ૭૨૫ |
| ઘઉં | ૩૦૮ | ૩૫૦ |
| બાજરી | ૨૨૦ | ૩૦૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૨૬ |

| સલાલ | | |
|---|---|---|
| એરંડા | ૬૦૦ | ૭૦૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૦ |
| બાજરી | ૨૦૦ | ૨૫૦ |
| ડાંગર જ્યા | ૩૦૦ | ૩૪૦ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૦૦ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૩૦૦ | ૩૪૧ |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૫ |
| મકાઈ | ૩૦૦ | ૩૨૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૫ |
| બાજરી | ૨૩૦ | ૨૭૫ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૩ | ૩૨૨ |
| ઘઉં ૪૯૬ | ૩૨૫ | ૩૩૫ |
| મકાઈ | ૨૯૫ | ૩૦૪ |
| એરંડા | ૭૦૫ | ૭૧૧ |

| મોડાસા | | |
|---|---|---|
| એરંડા | ૭૧૦ | ૭૨૨ |
| બાજરી | ૨૪૦ | ૨૮૫ |
| મકાઈ | ૨૮૦ | ૩૨૧ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| ગવાર | ૧૨૦૦ | ૧૪૬૦ |

| ટીંટોઈ | | |
|---|---|---|
| એરંડા | ૬૯૫ | ૭૧૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૮ |
| મકાઈ | ૨૯૦ | ૩૧૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૧ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૬૦ | ૨૭૮ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૦ |
| ડાંગર | ૨૬૦ | ૨૯૦ |
| એરંડા | ૭૦૪ | ૭૦૭ |
| ગવાર | ૧૨૦૦ | ૧૩૭૩ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| તુવેર | ૫૨૦ | ૬૧૫ |
| જુવાર | ૨૫૦ | ૩૬૦ |
| રાયડો | ૫૨૫ | ૫૭૦ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૬૬ | ૨૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૫ |
| ડાંગર | ૨૫૦ | ૨૮૫ |
| એરંડા | ૭૦૨ | ૭૧૨ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૭૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૫૦ |
| રાયડો | ૫૧૫ | ૫૬૦ |

| હિંમતનગર | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૭૨૫ |
| એરંડા | ૭૧૫ | ૭૨૫ |
| ઘઉં | ૩૧૫ | ૩૭૬ |
| બાજરી | ૨૦૫ | ૨૬૬ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| ગવાર | ૯૫૨ | ૧૩૮૫ |

| ઈડર | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૪૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૨૪ |
| એરંડા | ૭૦૭ | ૭૧૩ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| મગફળી | ૫૨૫ | ૬૫૦ |
| ગવાર | ૧૧૯૦ | ૧૪૭૦ |
| જુવાર | ૩૫૦ | ૩૯૫ |

| કડી | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૩ |

| | | |
|---|---|---|
| ડાંગર | ૨૫૧ | ૩૧૦ |
| બાજરી | ૨૫૮ | ૨૭૧ |
| જવ | ૨૦૫ | - |
| ગવાર | ૧૧૬૯ | ૧૪૫૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૯ |
| રાયડો | ૫૭૨ | ૬૧૯ |

| પાલનપુર | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૪૭ |
| બાજરી | ૨૦૦ | ૨૯૪ |
| એરંડા | ૭૦૫ | ૭૨૫ |
| રાજગરો | ૧૧૨૫ | ૧૨૨૩ |
| જુવાર | ૩૨૫ | ૫૫૦ |
| ગવાર | ૧૧૫૦ | ૧૫૧૧ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| જવ | ૨૫૫ | ૨૬૦ |
| રાયડો | ૫૮૦ | ૬૨૯ |
| ગવાર | ૧૧૦૦ | ૧૪૧૫ |
| ઘઉં | ૨૮૭ | ૩૬૦ |
| બાજરી | ૧૮૦ | ૨૮૫ |
| જુવાર | ૩૨૯ | ૭૮૧ |

| ઊંઝા | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૨૦ | ૨૭૫૦ |
| વરીયાળી | ૮૫૦ | ૧૬૫૦ |
| ઈસબગુલ | ૧૦૬૨ | ૧૨૪૦ |
| સરસવ | ૬૫૦ | ૭૦૫ |
| રાયડો | ૫૭૫ | ૬૫૧ |
| તલ | ૧૯૦૭ | ૨૨૩૧ |
| સવા | ૬૮૦ | ૬૯૦ |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૭૩ |
| બાજરી | ૨૨૦ | ૨૮૧ |
| રાયડો | ૫૭૫ | ૬૪૧ |
| એરંડા | ૭૦૦ | ૭૩૫ |
| જુવાર | ૨૦૦ | ૬૫૫ |
| તલ | ૧૮૦૦ | - |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૯૧ |
| રજકાના બી | ૧૨૦૦ | ૨૮૨૮ |

| મહેસાણા | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૪૩ |
| જીરૂ | ૨૩૮૧ | ૨૪૭૨ |
| રાયડો | ૫૫૦ | ૬૧૬ |
| બાજરી | ૨૨૦ | ૨૯૦ |
| એરંડા | ૬૯૫ | ૭૧૨ |
| અજમો | ૬૭૫ | ૯૦૧ |
| ગવાર | ૧૩૦૧ | ૧૩૮૦ |
| રજકાબી | ૧૭૦૦ | ૨૫૮૬ |

| આંબલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૨ | ૩૦૫ |
| બાજરી | ૨૧૬ | ૨૬૦ |
| રાયડો | ૫૯૬ | ૬૦૯ |
| એરંડા | ૬૯૮ | ૭૦૭ |
| ગવાર | ૧૩૭૦ | ૧૪૨૪ |
| ઘઉં | ૨૮૫ | ૩૫૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૯ |
| બાજરી | ૨૦૧ | ૨૫૦ |
| ગવાર | ૧૪૦૨ | - |

| હારીજ | | |
|---|---|---|
| રાયડો | ૬૧૦ | ૬૩૦ |
| એરંડા | ૬૯૦ | ૭૧૬ |
| બાજરી | ૨૧૫ | ૨૬૮ |
| ઘઉં | ૨૯૨ | ૩૩૧ |
| ગવાર | ૧૧૫૦ | ૧૪૩૧ |
| મગ | ૭૦૦ | ૯૭૧ |
| ચણા | ૫૫૦ | ૬૩૧ |
| જીરૂ | ૨૨૩૦ | ૨૫૫૫ |
| સાસટો | ૨૮૦ | ૩૬૧ |
| સવા | ૬૪૧ | ૭૦૧ |
| મેથી | ૫૫૦ | ૬૧૫ |

| કલોલ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| એરંડા | ૭૧૦ | ૭૨૦ |
| બાજરી | ૨૩૦ | ૨૬૫ |
| રાયડો | ૫૯૪ | ૬૬૮ |
| ડાંગર | ૨૬૦ | ૩૨૫ |
| ગવાર | ૧૩૫૦ | ૧૩૮૦ |
| જુવાર | ૩૩૫ | ૩૭૦ |

| બાયડ | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૭૧૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૦ |
| બાજરી | ૨૬૦ | ૨૬૫ |
| મકાઈ | ૨૮૫ | ૩૨૦ |
| ગવાર | ૮૫૦ | ૧૪૫૦ |

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા દેશી | ૧૫૦ | ૨૨૦ |
| બટાટા ડીસા | ૧૬૦ | ૨૨૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૮૦૦ | ૯૦૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૮૦૦ | ૯૦૦ |
| રીંગણ | ૧૦૦ | ૨૪૦ |
| રવૈયા | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૪૦ | ૩૬૦ |
| ફુલાવર | ૩૦૦ | ૩૬૦ |
| ટામેટા પાકા | ૨૦૦ | ૪૦૦ |
| દૂધી | ૮૦ | ૧૬૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગીલોડા | ૨૦૦ | ૪૪૦ |
| મરચાં દેશી | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૬૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| બીટ | ૧૦૦ | ૧૬૦ |
| ગાજર | ૨૦૦ | ૨૪૦ |
| મરચા ધોલાર | ૪૦૦ | ૫૬૦ |
| કોથમીર | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૩૦૦ |
| ભીંડા | ૧૬૦ | ૩૦૦ |